# જામનગરની પતંગ બજારમાં મોંઘવારીનો માર : મોદી, યોગીની થીમ ફેવરિટ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ઉત્તરાયણના આગમને વધાવવા માટે જામનગરની પતંગ બજાર સજ્જ છે. એકથી એક ચડિયાતી વેરાયટીના પતંગ જોવા મળી રહ્યા છે. જામનગરની બજારમાં હાલ નરેન્દ્ર મોદી, સોફિયા કુરેશી સહિતના જાતજાતના તસવીરની ડિઝાઈન વાળા પતંગો જોવા મળી રહ્યા છે. મજૂરી અને રો-મટીરીયલના ભાવ વધતા જામનગરની પતંગ બજારમાં ૨૦ ટકા જેવો ભાવ વધારો નોંધાયો છે.

પતંગના વેપારી મોહિત નંદાએ જણાવ્યું કે આ વખતે ઉતરાયણના આગમનને પગલે જામનગરની બજારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યોગી ઉપરાંત ભારતના ગર્વ સમાન વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ અને ઓપરેશન સિંદૂર વેળાએ દુશ્મન દેશ પરની એર સ્ટાઈકમાં સફળતા અપાવનાર કર્નલ સોફિયા કુરેશીની તસવીર વાળા પતંગોનો ક્રેઝ વધ્યો છે. જામનગરમાં ૧૦ રૂપિયાના પાંચ પતંગથી માંડી ૫૦૦ રૂપિયાના પાંચ પતંગ સુધીની વેરાયટી ઉપલબ્ધ છે.

પતંગ માટે વપરાંત વાંસના ભાવ વધ્યા છે. સાથે જ કાગળના ભાવમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. પ્લાસ્ટિકના ભાવના ૧૦ ટકા જેવો તોતિંગ ભાવ વધારો અને પતંગ પાછળની મજૂરી પણ મોંઘી થઈ હોવાથી પતંગના ભાવમાં ૨૦ ટકા જેટલો વધારો થયો છે. ગત વર્ષે ૫ નંગ પતંગ ૧૦ રૂપિયામાં મળતા હતાં તેના આ વર્ષે સીધા ૨૦ રૂપિયા થયા છે. રો-મટીરીયલમાં ભાવ વધારાને લઈ પતંગના ભાવ વધ્યા છે. છતાં પણ પતંગરસિયાનો ઉત્સાહ અકબંધ રહી શકે છે.

માંઝામાં ૪૦૦ રૂપિયાથી લઈ ૬૦૦, ૮૦૦ અને ૧ હજાર રૂપિયાની કિંમતના માંઝા ઉપલબ્ધ છે. તેમાં પણ ૧૦ થી ૨૦ ટકા વેરાયટી મુજબ ભાવ વધારો નોંધાયો છે.

જામનગરમાં કુશળ કારીગરોની ઘટને લઈ અમદાવાદના આશિષભાઈ સહિતના કારીગરોની ટીમ જામનગર આવી ગ્રાહકોની માંગ મુજબ આવશ્યકતા અનુસાર દોરમાં કલર પીવડાવે છે. પતંગની દોરીમાં હાલ પ્રતિબંધને લીધે કાચનો ઉપયોગ થતો નથી તેના સ્થાને અન્ય પાવડર ઉપયોગમાં લેવાઈ છે.

## અસલમ ખીલજીના ઘરે ખબર-અંતર પૂછવા પહોંચ્યા ઈટાલીયા


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરમાં ૧૫ દિવસ પૂર્વ આમ આદમી પાર્ટીના નગરસેવક અસલમ ખીલજી પર ઘાતક હુમલાની ઘટના બાદ આજે ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયા, જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા, જામનગર જીલ્લા આપના પ્રમુખ વશરામભાઈ આહીર, આપ સૌરાષ્ટ્ર ઝોન-૧ ના પ્રમુખ પ્રકાશભાઈ દોંગા સહિત હોદ્દેદાર અસલમ ખીલજીના ઘરે ખબર-અંતર પૂછવા પહોંચ્યા હતા.

## લાલપુર પંથકમાં આરોપીઓના ઘરમાં તંત્ર દ્વારા ચેકિંગ

### ૬ ગુનેગારોના મકાનમાંથી વીજચોરી પકડતા કનેકશનો કટ, ત્રણને ઓવર લોડની નોટીસો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના કેટલાક ગુનેગારોના મકાનને ટાર્ગેટ કરીને ગઈકાલે સ્થાનિક પોલીસે પીજીવીસીએલ તંત્રને સાથે રાખીને ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા આરોપીઓના ઘરોમાં વીજ ચેકીંગની કાર્યવાહી હાથ ધરી હતી જેમાં ૬ આરોપીઓના ઘરેથી રૂપિયા ૪૮,૦૦૦ની વીજચોરી પકડી પાડી હતી. જ્યારે ઓવરલોડ વીજ ચોરીમાં એક મહિલા સહિત ત્રણ આરોપીને નોટીસ આપવામાં આવી છે.

લાલપુરમાં બુટલેગરો તેમજ શરીર સંબંધી આરોપીઓને ત્યાં વિજતંત્રના સ્ટાફને સાથે રાખીને પીઆઈ કે.એલ.ગળચરે વીજ ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં પોલીસનો સ્ટાફ બંદોબસ્તમાં રોકાયેલો હતો.




તસવીર: સુનિલ ચુડાસમા

વીજ ચેકીંગ દરમિયાન આરોપી મંજુબેન મહેબુબભાઈ નોતીયાર, હનીફ હુશેનભાઈ નોતીયાર, અરમાન સલીમભાઈ દલ, આસીફ હાસમ ધુધા, હમીર સાજણભાઈ કરંગીયા અને રણમલ મેપાભાઈ કરંગીયાના મકાનોમાં વીજ ચોરી થતી હોવાનું માલુમ પડ્યું હતું જેથી તમામને રૂપિયા ૪૮,૦૦૦ ના વિજ ચોરીના બિલો ફટકારવામાં આવ્યા છે. અને તે આરોપીઓના ઘરના વીજ કનેકશનો કટ કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી દરમિયાન અરમાનભાઈ સલીમભાઈ દલ. હમીર સાજણભાઈ કરંગીયા અને મંજુબેન મહેબુબભાઈ નોતીયારના ઘરોમાં વીજ ઓવરલોડની નોટીસો આપવામાં આવી છે. પોલીસ અને વીજતંત્રની આ કામગીરીથી આરોપીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## ખંભાળિયાના ભાતેલ ગામના પ્રૌઢનું પેરાલીસીસના હુમલાથી મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામમાં રહેતા એક પ્રૌઢનું છાતીમાં અને પેટમાં દુખાવો થયા બાદ પેરાલીસીસનો હુમલો આવતા મૃત્યુ નિપજ્યું હતું આ બનાવ અંગે સ્થાનિક પોલીસમાં મૃતકના પુત્ર દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા પંથકના ભાતેલ ગામે રહેતા મહિપતસિંહ ગુલાબસંગ જાડેજા નામના પ્રૌઢને ગત તારીખ ૫ ના રોજ પોતાના ઘરે સવારના નવેક વાગ્યાના સુમારે છાતીમાં અને પેટમાં દુખાવો થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં પેરાલીસીસનો હુમલો આવી જતા અને સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પરિવારમા શોકનું મોજુ ફરી વળ્યુ છે. આ બનાવની મૃતકના પુત્ર જયપાલસિંહ મહિપતસિંહ જાડેજા દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ આરંભી હતી.

## જામનગરમાં પતંગના દોરાથી વધુ એક યુવક ઘાયલ

જામનગર : જામનગર શહેરમાં પતંગના દોરાથી ઘાયલ થવાની ઘટનામાં વધારો થયો છે, અને આજે એક વધુ યુવાન પતંગના દોરા ના કારણે ઘાયલ થયો છે, અને ઈજાગ્રસ્ત હાલતમાં જીજી હોસ્પિટલમાં ખસેડાયા પછી તેને સારવાર અપાઇ છે.

જામનગરના નવા બ્રિજ ઉપરથી બાઈક લઈને જઈ રહેલા દર્શિત પરમાર નામના યુવાનને કપાળના ભાગે આંખની ઉપર એકાએક પતંગની દોર ખેંચાવાથી કાપો પડી ગયો હતો, અને ઈજાગ્રસ્ત બન્યો હતો. જેને તાત્કાલિક અસરથી લોહી નીતરતી હાલતમાં



સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, અને તેને પ્રાથમિક સારવાર અપાઇ હતી. જોકે હાલ તેને રજા આપી દેવાઇ છે, અને પોતાના ઘેર પહોંચ્યો છે.

## કાલાવડ ટાઉનમાં વીજ વાયર પર પેરાશૂટર ખાબકયાનો વીડિયો વાઈરલ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં એક અનોખી ઘટના બની છે. હેલીપેડ સોસાયટી વિસ્તારમાં એક વ્યક્તિ પેરાશૂટ સાથે આકાશમાંથી વીજ વાયર પર પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

મછલીવડ ચોકડી પાસે આવેલી હેલીપેડ સોસાયટીમાં આ યુવક લગભગ ૧૦૦ ફૂટની ઊંચાઈએથી પેરાશૂટ સાથે નીચે આવી રહ્યો હતો. તે સમયે તેનું પેરાશૂટ અચાનક વીજ વાયર સાથે ફસાઈ ગયું, જેના કારણે યુવક નીચે પટકાયો હતો. આ ઘટનાની જાણ થતાં કાલાવડ પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આ વ્યક્તિ કોણ છે, તેણે ક્યાંથી ઉડાન ભરી હતી, અને કઈ દિશામાં જવાનું હતું તે અંગેની પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ હાલ એ પણ તપાસ કરી રહી છે કે પેરાશૂટ પહેરીને ઉડાન ભરવાનું કારણ શું હતું. સમગ્ર મામલે અલગ-અલગ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે, અને પેરાશૂટથી ઉડાન ભરનાર વ્યક્તિની શોધખોળ કરવામાં આવી રહી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો છે. આસપાસના લોકોએ અગાસી પરથી પેરાશૂટ ઉડાવતો અને પછી જમીન પર પટકાયો તેનો વીડિયો ઉતાર્યો હતો. રસ્તા પર લોકોની અવરજવર હોવાથી થોડા સમય માટે લોકો આ દ્રશ્ય જોવા ઉમટી પડ્યા હતા, જોકે પેરાશૂટ સાથે પડેલો યુવાન ત્યાંથી જતો રહ્યો હતો.



તસવીર: સુનિલ ચુડાસમા

## જામનગર જિલ્લામાં ફરીથી ઠંડીનો પારો સરકયો, તાપમાન ૧૦.૨ ડીગ્રી

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં રહી રહીને ઠંડી એ સપાટો બોલાવી દીધો છે, અને ઠંડીનો પારો શનિવારે સવારે નીચે સરકી ને સિંગલ ડીજીટ ની નજીક પહોંચી જતાં ૧૦.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, પરંતુ રવિવાર અને સોમવારના દિવસે વહેલી સવારે ૧૨ ડીગ્રી આસપાસ તાપમાન રહ્યા બાદ આજે વહેલી સવારે ફરીથી ઠંડીનો પારો નીચે સરકીને ૧૦ ડિગ્રી સુધી પહોંચ્યો છે, તેથી ફરીથી કાતિલ ઠંડીનો મોજું ફરી વળ્યું છે.

ગત રવિવારે મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો,. સાથોસાથ ભેજનું પ્રમાણ અને પવનની તીવ્રતામાં પણ વધારો થયો હોવાથી શહેરીજનો ઉપરાંત પશુ પક્ષીઓ થર થર કાંપ્યા હતા. જોકે જેમાં બે દિવસની નજીવી રાહત બાદ આજે ફરીથી તાપમાનમાં ઘટાડો થયો છે, અને સાથે સાથે બરફીલા ઠંડા પવનના કારણે ધ્રુજારી અનુભવાઈ છે, અને લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. અને હજુ પણ ઠંડી વધે તેવી શક્યતાઓ દર્શાવાઈ રહી છે. જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમ ના જણાવાયા અનુંસાર આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૦.૨ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૫.૦૫ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે, વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિક કલાકના ૨૦ થી ૨૫ કી.મી ની ઝડપે રહી હતી.

## ઓમ ટ્રેનિંગ સંસ્થા દ્વારા મનોદિવ્યાંગ બાળકો સાથે મકર સંક્રાંતિની ઉજવણી કરાશે

જામનગર : જામનગરના ખેતીવાડી ગેઈટ સામે આવેલી મનોદિવ્યાંગ બાળકોની તાલીમ સંસ્થા 'ૐ ટ્રેનિંગ સેન્ટર' દ્વારા આવતીકાલે મકર સંક્રાંતિના પર્વ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પવિત્ર પર્વ પર સમાજના મુખ્ય પ્રવાહથી વંચિત એવા મનોદિવ્યાંગ બાળકોના જીવનમાં ખુશીઓના રંગો ભરાય અને તેઓ પણ પતંગોત્સવનો આનંદ માણી શકે તે હેતુથી આ ઉજવણી રાખવામાં આવી છે. આ પ્રસંગે બાળકો સાથે પતંગ ચગાવીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ ઉમદા કાર્યને આપના લોકપ્રિય માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવા અને આ કાર્યક્રમની ગરિમા વધારવા માટે અમે આપને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. કાર્યક્રમની વિગતો તારીખ: ૧૪ જાન્યુઆરી (આવતીકાલે), સમય: બપોરે ૩ થી ૬ કલાકે, સ્થળ: ૐ ટ્રેનિંગ સેન્ટર, ખેતીવાડી ગેઈટની સામે, એરફોર્સ-૧ રોડ, જામનગર આપની હાજરી બાળકોનો ઉત્સાહ વધારશે.

## જામનગરના વોર્ડ નં. ૧માં ગટરના પાણી રોડ પર વહેતા રાહદારીઓ પરેશાન

જામનગર મહાનગરપાલિકા ના વોર્ડ ૧ ના જોડીયા ભૂંગા માં રહેવાસીઓ દવારા કચરાની ફરિયાદ કરેલકે છેલ્લા ઘણા સમય થાય ડોર ટુ ડોર ની ગાડી તથા ઓપન પોઈન્ટ ની ગાડી અનિયમિત રહે છે કે આવતી નથી જે બાબત નું ધ્યાન એસ.એસ.આઈ ને દોરતા તેઓ દવારા ચુંટણી ફરજ માં છું તેવું જણાવેલ ત્યાર બાદ એસ. આઈ. ને વાત કરતા મને કોઈ વસ્તુ ની જાણ નથી. એવો જવાબ મળેલ હાલે અમારા વિસ્તાર ની હાલત ખુબજ ખરાબ છે કોઈ ધ્યાન દેવા વાળું નથી જેને પણ ફરીયાદ કરીયે તો તે એકા બીજા ઉપર ધોળે છે રહેવાસીઓ ના છૂટકે હોવે ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરવા ની



ફરજ પડશે જેમની તમામ જવાબદારી વોર્ડ નં ૧ ના એસ.એસ.આઈ તથા એસ.આઈ ની રહેશે જે બાબત ધ્યાને લેવ પુર્વ કોર્પોરેટર હુસેના અનવર સંઘાર અને સામાજિક કાર્યકર અનવરભાઈ સંધારે જણાવ્યું હતું.

## દ્વારકાના મારુતિનંદન હનુમાનજીને વિવિધ રંગબેરંગી પતંગનો શિંગાર

દ્વારકા : આવતીકાલે મકરસંક્રાંતિનો તહેવાર છે ત્યારે મંદિરોમાં પણ ભગવાનને? રંગબેરંગી પતંગોના સુંદર શિંગાર કરવામાં આવી રહ્યા છે. યાત્રાધામ દ્વારકામાં પોરાણીક સિધેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આવેલ મારુતિનંદન



હનુમાનજીને પુજારી તેમજ ભક્તો દ્વારા આજે વિવિધ પ્રકારના રંગબેરંગી પતંગનો શિંગાર કરવામાં આવ્યો હતો. તે દર્શનનો ભક્તો એ લાભ લીધો હતો.

## જામજોધપુરનો વેપારી ઈંગ્લિશ દારૂની ચાર બાટલી સાથે ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં ગઈકાલે રાત્રે પોલીસે પેટ્રોલિંગ હાથ ધરી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલા એક વેપારીને ઝડપી લીધો છે, અને તેની પાસેથી ૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી કબજે કરી છે.

જામજોધપુરમાં ઠક્કર બાપા રોડ પર જૈન દેરાસરની બાજુમાં રહેતા અને માર્કેટિંગ યાર્ડમાં વેપાર કરતા પરેશ નાનજીભાઈ રાજાણી નામના વેપારી ગઈકાલે જૂની સેન્ટ્રલ બેન્ક રોડ પરથી ઈંગ્લિશ દારૂ સાથે પસાર થઈ રહ્યા હતા, જેને જામજોધપુર પોલીસે ઝડપી લીધા હતા, અને તેની પાસેથી ચાર નંગ ઈંગ્લિશ દારૂની બાટલી કબજે કરી લઇ તેની સામે દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં એક જ દિવસમાં ત્રણ કુંડલા ભોગ મનોરથ

દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભક્ત દ્વારા વારાદાર મુરલીભાઇ તેમજ નેતાજી પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે બે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. તેમજ



સાંજે ઉત્થાપન સમયે એક કુંડલા ભોગ મનોરથ ?યોજાયા સોમવારના ગુલાબી વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોસ્થ દર્શન તથા મનોરથ આરતી તથા મંગલા દર્શનનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો.

## જામ્યુકો દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે કરૂણા અભિયાન

જામનગર : ગુજરાત સરકાર ધ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વ દરમ્યાન તા.૧૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી પતંગના દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા તથા ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે ''કરૂણા અભિયાન'' નું આયોજન કરવામાં આવે છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા પણ ઉતરાયણ પર્વ નિમિતે પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓની સારવાર આપવા માટે ''કરૂણા અભિયાન-૨૦૨૬'' ના ભાગરૂપે તા.૧૦/૧ થી તા.૨૦/૧ સુધી મ.ન.પા. સંચાલિત કેટલ પોન્ડ (હાપા ગૌશાળા), રાધિકા સ્કૂલ પાછળ, માર્કેટિંગ યાર્ડ પાસે, રાજકોટ-જામનગર હાઈવે, હાપા ખાતે ઘાયલ પક્ષીઓની સારવાર કરવા માટે ''બર્ડ કેર સેન્ટર'' ઉભુ કરવામાં આવેલ છે.

આ ''બર્ડ કેર સેન્ટર'' ખાતે પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓની સારવાર સવારે ૯ થી સાંજના ૫ કલાક દરમ્યાન આપવામાં આવશે. જાહેર જનતાએ ઘાયલ પક્ષીઓની સારવાર માટે મ.ન.પા. ધ્વારા ઉભી કરાયેલ આ વ્યવસ્થાનો લાભ લેવા તથા આ કરૂણા અભિયાનમાં સહકાર આપવા જામનગર મહાનગરપાલિકા અપીલ

## જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં મળેલ ૧૪ દેહદાનના શાસ્ત્રોકત વિધિ સાથે અગ્નિસંસ્કાર




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર ના એમ પી શાહ મેડિકલ કોલેજના એનોટોમી વિભાગમાં તાજેતરના વર્ષો દરમિયાન ૧૪ માનવ મૃતદેહો કે જે દેહદાનના સ્વરૂપમાં મળેલા હતા, જે તમામ માનવ મૃતદેહો કે જેની આજે જામનગરના આદર્શ સ્મશાનમાં અંતિમવિધિ કરવામાં આવી હતી. આર્ય સમાજ સંસ્થા દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરાયા હતા, અને જી.જી. હોસ્પિટલનો એનોટોમી વિભાગ આ અગ્નિસંસ્કાર વિધિમાં સાથે જોડાયો હતો.જામનગરમાં એમપી શાહ મેડિકલ કોલેજ ખાતે આવેલ દેહદાન થયેલા ૧૪ માનવદેહોના અવશેષોને તબીબી અભ્યાસ બાદ જામનગર આદર્શ સ્મશાન ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં આર્ય સમાજ દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર વિધિથી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. આ વેળાએ એમ પી શાહ મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈ, એનોટોમી વિભાગના વડા ડો. દિલીપ ગોહિલ, પ્રોફેસર ડો. મિતલ પટેલ ઉપરાંત તબીબો કાર્તિક સ્વાદિયા, મીના પટેલ, ધરતી કુબાવત, કૌશલ ઝવેરી, જતીન ચુડાસમા, જીગ્નેશ વડગામા, બાલકૃષ્ણ કુમાર, નારૂ દામોર, વિજય કણજારીયા, અંકિત અધ્વર્યુ, મોનિકા અધ્વર્યુ, ધવલ તલસાણીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આર્ય સમાજના મંત્રી ધવલભાઈ બરછા, પુસ્તકાધ્યક્ષ જગદીશભાઈ મકવાણા, આદર્શ સ્મશાનના મંત્રી દર્શન ઠક્કર, ખજાનચી અમર ગોંદીયા સહિતના અગ્રણીઓની હાજરીમાં અગ્નિ સંસ્કારવીધી સંપન્ન થઈ હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

### સામાન્ય નાગરિકનું કોઈ સાંભળનાર નથી : ધારાસભ્ય ઈટાલિયા

# જામનગરમાં 'આપ'ની પરિવર્તન સભામાં મોટી સંખ્યામાં નેતાઓ કાર્યકરો ઉમટ્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા ચૂંટણી પૂર્વે રાજકીય માહોલ ગરમાયો છે.ગઈકાલે આમ આદમી પાર્ટી ની "પરિવર્તન સભા" યોજાઈ હતી.જેમાં મોટી સંખ્યામાં આપના નેતાઓ અને કાર્યકરો જોડાયા હતા. આ અવસરે આપ નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. બીજી બાજુ અગાઉના જૂતાકાંડને લઈ પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો.

આપના અગ્રણી નેતાઓ ગોપાલ ઈટાલીયા, ઈશુદાન ગઢવી અને હેમંત ખવાએ હાજરી આપી અને જનસભાને સંબોધી હતી.સભા દરમિયાન વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ભાજપ શાસિત મહાનગરપાલિકા પર કડક વાક પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, વર્ષોથી સત્તામાં હોવા છતાં શહેરના વિકાસમાં ગંભીર નિષ્ફળતા રહી છે. શિક્ષણ, આરોગ્ય, માર્ગ વ્યવસ્થા, રોજગારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખી આપના નેતાઓએ ભાજપ પર આક્ષેપો કર્યા હતા. વધુમાં સરકારમાં લોકોનું કોઈ સાંભળનારું ન હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

મહાનગરપાલિકામાં ભાજપનું શાસન હોવા છતાં શહેરના મૂળભૂત પ્રશ્નો યથાવત છે અને વિકાસના નામે માત્ર ભ્રષ્ટાચાર થયો છે. તેવા આરોપ લગાવ્યા હતા.આ ઉપરાંત, ભાજપને ઉદ્યોગપતિઓની સરકાર ગણાવતા આપના નેતાઓએ સામાન્ય જનતાના હિતોને અવગણવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. સ્માર્ટ મીટર મુદ્દે પણ ગંભીર આક્ષેપો કરીને જનતા પર વધારાનો આર્થિક બોજ નાંખવામાં આવી રહ્યો હોવાનો દાવો કર્યો હતો. આ પરિવર્તન સભા દ્વારા આમ આદમી પાર્ટીએ આવનારી મહાનગરપાલિકા ચૂંટણીમાં વિકલ્પરૂપે પોતાને રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતા.

## જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે છૂટાહાથે મારામારીનો વીડિયો વાઈરલ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે વધુ એક વખત જાહેરમાં મારામારી થઈ હતી. જે અંગેનો વીડીયો વાયરલ થયો છે.

વીડિયોમાં દશ્યમાન થતી વિગત અનુસાર બંને પક્ષે છૂટા હાથની મારામારી થઈ હતી. જેમાં એક યુવાન લાકડી સાથે જોવા મળી રહ્યો છે. દ્રષ્યો જોનારા વ્યક્તિનો એવો દાવો છે કે બાઈક પાર્કિંગમાં રાખવા બાબતે બંને વચ્ચે બબાલ થઈ હતી. જેમાં પ્રથમ ઉગ્ર બોલાચાલી અને ત્યારબાદ ગાળાગાળી અને જોતજોતામાં છુટ્ટા હાથે મારામારી થઈ હતી. જોકે આટલી વારમાં લોકોના ટોળા એકઠા થયા હતાં અને અન્ય લોકો વચ્ચે પડતા મામલો વધુ ઉગ્ર થતા અટક્યો હતો. હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે.

# સિક્કામાં ઈજનેર સહિત ૮ યુવાનો વિદેશમાં નોકરી મેળવવાની લાલચમાં છેતરપિંડીનો બન્યા શિકાર

### મલેશિયા અને સિંગાપોરમાં રૂપિયા સવા લાખના પગારે નોકરી અપાવવાની લાલચ આપી ખંભાળિયાના શખ્સે ૧૧.૫૬ લાખ પડાવી લીધા

જામનગર : જામનગર નજીક સિક્કામાં રહેતા એક ઈજનેર યૂવાન સહિત કુલ આઠ વ્યક્તિઓ વિદેશમાં ઊંચા પગારે નોકરી મેળવવાની લાયમાં છેતરપિંડીનો શિકાર બન્યા છે, અને ખંભાળિયા પંથકના એક શખ્સ દ્વારા તમામ વ્યક્તિ પાસેથી રૂપિયા સાડા અગિયાર લાખ જેવી રકમ પડાવી લઈ નોકરી નહીં અપાવી છેતરપિંડી કરી હોવાથી સિક્કા પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના સિક્કામાં વૃંદાવન સોસાયટીમાં રહેતો અને એક ખાનગી કંપનીમાં ક્રેઈન ઓપરેટર તરીકે નોકરી કરતા ચિરાગ નરેશભાઈ પરમાર નામના ૨૮ વર્ષના ઈજનેર યુવાને પોતાની સાથે વિદેશમાં નોકરી આપવાના બહાને છેતરપિંડી કરવા અંગે મયુરભાઈ ઉર્ફે માયુ પુંજાભાઈ મસુરા નામના ખંભાળિયા તાલુકાના પરોડીયા ગામના એક શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે, અને પોતાની તેમજ તેની સાથેના અન્ય સાત વ્યક્તિની કુલ ૧૧.૫૬ લાખની રકમ મેળવી લીધા બાદ નોકરી નહીં અપાવી હાથ ખંખેરી લીધાનું ફરિયાદમાં જાહેર કરાયું છે,

વધુમાં ચિરાગ નરેશભાઈ પરમાર નામનો યુવાન કે જે પોતાના અંકલેશ્વરમાં રહેતા સંબંધીના સંપર્કમાં આવ્યા બાદ મલેશિયા અને સિંગાપોરમાં રૂપિયા સવા લાખના પગારે નોકરી માટે જવું હોય તો તેણે ખંભાળિયા તાલુકાના પરોડીયા ગામના મયુરભાઈ ઉર્ફે માયુ પુંજાભાઈ મથુરાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. જેનો સંપર્ક કરતાં ટેલિફોનિક વાતચીત થયા બાદ નોકરીમાં જવું હોય તો રૂપિયા સાડા ત્રણ લાખ આપવા પડશે તો હું તમારું બધું ગોઠવી દઈશ તેવું ખંભાળિયાના શખ્સ દ્વારા જણાવાયું હતું.

પરંતુ આટલી મોટી રકમ ચિરાગ પરમાર ગોઠવી શકે તેમ ન હોવાથી તેને રસ્તો બતાવ્યો હતો, અને ખંભાળિયાના શખ્સ દ્વારા અન્ય યુવાનોને પણ શોધવા જણાવ્યું હતું. જો સંખ્યા વધારે હશે તો રકમમાં ઘટાડો કરીને દોઢ લાખમાં બધાનું સેટિંગ કરી આપીશ તેવું પ્રલોભન આપ્યું હતું, અને એક પછી એક કુલ ૮ વ્યક્તિઓ જોડાયા હતા, અને તમામેં એકત્ર થઈને રૂપિયા ૧૧.૫૬.૪૦૦ ની રકમ આપી દીધી હતી.

ગત જુન માસમાં આ રકમ આપ્યા બાદ સાત મહિના જેટલો સમયગાળો વીતી જવા છતાં કોઈપણ પ્રકારની નોકરી અથવા વિદેશ જવાની વ્યવસ્થા ગોઠવી નહીં આપી તમામના નાણા પચાવી પાડ્યા હતા. જેથી ગઈકાલે સિક્કા પોલીસ મથકમાં આ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદના અનુસંધાને સિક્કા પોલીસે તપાસનો દોર ખંભાળિયા સુધી લંબાવ્યો છે, અને આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# ખંભાળિયામાં બાઈક ડિટેઈન કરવામાં આવતા ટ્રાફિક શાખાની ઓફિસના સોફા સળગાવ્યા

ખંભાળિયા : ખંભાળિયામાં મિલન ચાર રસ્તા પાસેથી બાઈક પર પસાર થતા શખ્સ પાસે વાહનના કાગળીયા સાથે ન હોય તેમજ ફેન્સી નંબર હોવાથી વાહન ટ્રાફિક શાખા દ્વારા ડીટેઈન કરવામાં આવતા ઉશ્કેરાયેલા શખ્સે ટ્રાફિક શાખાની ઓફિસના સોફા સળગાવી સરકારી મિલ્કતને નુકસાની પહોંચાડી આડકતરી રીતે સ્ટાફને નોકરી બાબતે ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ટ્રાફિક શાખાના પી. આઈ. દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયામાં ગોવિંદ તળાવ, શક્તિનગર ખાતે રહેતા ચંદુભાઈ અરજણભાઈ રૂડાચ પોતાનું જી. જે. ૧૦ એ. જી. ૩૬૭૭ નંબરનું મોટરસાયકલ ચલાવી ખંભાળિયા - કંચનપુર હાઈવે પરથી જતા હોય આ વેળાએ ટ્રાફિક પોલીસે તેઓનું વાહન અટકાવી લગત કાગળો ન હોય અને ફેન્સી નંબર પ્લેટવાળુ હોવાથી ડિટેઈન કર્યું હતું જેથી ટ્રાફિક શાખાના પી. આઈ. એમ. ડી. મકવાણા અને સ્ટાફ સાથે ફરજ દરમિયાન બોલાચાલી કરી હતી અને સીધી કે આડકતરી રીતે નોકરી બાબતે ધમકી આપી બાદ ઉશ્કેરાઈ ટ્રાફિક શાખાની ઓફિસમાં સોફા ઉપર તેની પાસે રહેલ કોઈ જ્વલનશીલ પ્રવાહી છાટી સળગાવી નાખી સરકારી મિલ્કતને નુકસાની પહોંચાડી હતી. આ અંગે પી. આઈ. મકવાણાએ ખુદ ફરિયાદી બની ખંભાળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવને લઈને ખંભાળિયા શહેરમાં તરેહ તરેહની ચર્ચા જાગી છે. ઉલ્લેખનિય છે કે, ચંદુભાઈ રૂડાચ સોશિયલ મીડિયામાં કાર્યરત છે અને તેઓએ અનેક વખત ગૌચરની જમીનના પ્રશ્નો ઉઠાવ્યા છે. આ મામલે તેઓને ધમકી આપવામાં આવતા બારાડી પંથકના એક શખ્સ સામે ખંભાળિયા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી.

# સલાયાના વન વિભાગના કર્મચારીની ફરજમાં રૂકાવટ કરી મારી નાખવાની ધમકી

### ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેક્ટર અંગે કાર્યવાહી કરતા બાઈક આડુ રાખી ઝગડો કર્યાની બે સામે રાવ

ખંભાળિયા : સલાયામાં રહેતા અને વન વિભાગમા ફરજ બજાવતા એક કર્મચારીએ ગેરકાયદેસર રેતી ભરીને જતા ટ્રેક્ટરને રોકાવી કાર્યવાહી કરતા મોટા આંબલા ગામના બે શખ્સે રસ્તામાં મોટરસાયકલ આડુ રાખી ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરતા બન્ને શખ્સ સામે વિધિવત પોલીસમાં ફરિયાદ નોંધાવવામા આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ સલાયામાં વનવિભાગમાં નોકરી કરતા રાજદીપસિંહ વિક્રમસિંહ જાડેજા પોતાની ફરજ ઉપર હાજર હોઈ દરમિયાન મોટા આંબલા ગામની સીમમાં રાજનસાપીરની દરગાહ તરફ જતા રસ્તે વનવિભાગના એરિયામાંથી ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેક્ટર નીકળતા કાયદેસરની કાર્યવાહી કરવા સબબ ટ્રેક્ટર ચાલકને લઈને જતા હોય આ વેળાએ રસ્તામાં વચ્ચે મોટરસાયકલ ઉપર આવેલા મોટા આંબલા ગામના સબિર જુનસભાઈ દેસરાણી અને સાજિદ જુનસભાઈ દેસરાણી નામના બન્ને શખ્સે પોતાનું વાહન આડુ નાખી રેતી ભરેલ ટ્રેક્ટર રોકાવી જેમ ફાવે તેમ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી અને કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા કર્મચારી રાજદીપસિંહ વિક્રમસિંહ જાડેજા દ્વારા બન્ને સામે વાડીનાર મરીન પોલીસમાં ફરિયાદ નોંધાવતા હે. કો. એમ. એચ. કરંગીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## દ્વારકાના આરંભડા રોડ પર દેશી દારૂ સાથે બોલેરો ચાલક ઝડપાયો

દ્વારકા : દ્વારકા તાલુકાના આરંભડા ગામના રોડ પરથી બોલેરો ચલાવી પસાર થતા શખ્સ પાસેથી દેશી દારૂ મળી આવતા દેશી દારૂ અને વાહન સહિત પોલીસે ૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના આરંભડા ગામે કૃષ્ણનગર વિસ્તારમાં રહેતો કિશનભા બાલાભા સુમણીયા નામનો શખ્સ બોલેરો ચલાવી ગામના રોડ પરથી પસાર થતો હોય આ વેળાએ મીઠાપુર પોલીસે અટકાવી તલાસી લેતા ૮ હજાર ની કિંમતનો ૪૦ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી દેશી દારૂ અને બોલેરો સહિત રૂપિયા ૪.૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

## યુવાનને નિદ્રાધીન અવસ્થામાં મોઢામાંથી લોહી નીકળી મૃત્યુ

જામનગર : જામનગરમાં એક યુવાનને નિંદ્રાધીન અવસ્થામાં મોઢામાંથી લોહી નીકળ્યા બાદ સારવારમાં તેમનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં અશોક સમ્રાટનગર વિસ્તારમાં નીલકમલ સોસાયટી શેરી નંબર ૬ ના છેડે રહેતા દિનેશ રમેશભાઈ બોન્દ્રે નામના ૪૦ વર્ષના મરાઠા યુવાનને આજે સવારે તેના ઘેર જગાડવા જતાં પોતે નિંદ્રાધીન અવસ્થામાં બેશુદ્ધ હતો, અને મોઢામાંથી લોહી નીકળી ગયું હતું. જેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, પરંતુ તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ મહેશ રમેશભાઈ એ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ટી.કે. ચાવડા હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને યુવાનના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.


